# સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ

ભાવનગર મહાનગરપાલિકા

ટેન્ડર નોટીસ નંબર **BMC/ SWM/2024-25/02**

## *આઈટ્મ રેઈટ ટેન્ડર*

## કામનું નામ :- સો.વે.મે.વિભાગ માટે એક વર્ષ માટે કળીચૂનો (ડસ્ટ પાવડર-લાઈમ પાવડર)સપ્લાય કરવા અંગેનું કામ

| | | | | |
|---|---|---|---|---|
| કામની રકમ | :- | *Rs/-* | *4,00,000* | */–* |
| નીયત કરાયેલ ટેન્ડર ફી(DD Only)(S.B.I.સિવાય) | :- | *Rs/-* | *600* | */–* |
| નીયત કરાયેલ અર્નેસ્ટ મનીની રકમ(DD) | :- | *Rs/-* | *4,000* | */–* |
| Tender Fee / E.M.D. in favour of | :- | Commissioner, Municipal Corporation, Bhavnagar | | |
| ટેન્ડર ભરવાનું શરુ થવાની તારીખ | | ૦૯/૦૧/૨૦૨૫ | | |
| કામની મુદત | :- | *1 વર્ષ* | | |
| ભાવ ભરેલ ટેન્ડર તથા ફિઝીકલ ડોક્યુમેન્ટ પહોચતા કરવાની આખરી તારીખ | :- | *17 /01 /2025*<br>*17:00 Hrs* | | |
| ટેકનીકલ બીડ ખોલવાની તારીખ | :- | *18/01/2025* | | |
| ભાવ ભરેલ ટેન્ડર તથા ફિઝીકલ ડોક્યુમેન્ટ તથા પ્રી બીડ મીટીંગ માટે વાધાં/સુચન મોકલવામાટેનું સરનામું અને ઈ મેઈલ એડ્રેસ સંપર્ક મો. નં | :- | સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ<br>બીજો માળ, સર મંગળસિંહજી રોડ,<br>કાળાનાળા, ભાવનગર મહાનગરપાલિકા<br>,ભાવનગર-૩૬૪ ૦૦૧.<br>E-Mail swmexnbmc@gmail.com<br>Contact – Exe. Engg. 9979945333 | | |
| Bid Validity | :- | 180 | | |
| Amount Of Security Deposit (DD/FDR/BG) | :- | 5% Total Approved Amount | | |
| BMC Website | :- | www.bmcgujarat.com | | |

**Executive Engineer**
**Solid Waste Management Department**
**Bhavnagar Municipal Corporation Bhavnagar (Gujarat)**
*E-Mail swmexnbmc@gmail.com*

# 1. Details, Information & Introduction

- **Bhavnagar City has 7,71,719 Population and 108.27 sq. km of the area Generates Total 235 TPD of the MSW.**
- **Bhavnagar City Area is Divided in 13 Election Wards**
- **Main Store and Vehicle Parking & Garage is at – Behind LIC & SBI Head Office – Near Nilambag Circle - Bhavnagar**
- **Details of Bhavnagar Municipal Corporation's Bank Account:**

| | |
|---|---|
| **Account Name:** | **Bhavnagar Municipal Corporation** |
| **Account No.:** | **313701011012007** |
| **Bank Name:** | **Union Bank Of India** |
| **Branch Address:** | **BMC Branch – Bhavnagar** |
| **IFSC Code:** | **UBIN0558494** |

- **Address of Bhavnagar Municipal Corporation (BMC) : Bhavnagar Municipal Corporation, Sir Mangalsihji Road, Kalanala – Bhavnagar, Gujarat 364 001**

# 2 Conditions

## ટેન્ડર અંગે સામાન્ય શરતો અને સૂચનાઓ

1) **આ ટેન્ડરમાં આપેલ પ્રાઈઝબીડ પત્રકમાં ભાવો ભરી આ પત્રકને અલગ કવરમાં સીલ કરી કવર પર "પ્રાઈઝબીડ" લખી મુખ્ય કવર સાથે મોકલવું.**
2) સો.વે.મે વિભાગ ભાવનગર મહાનગરપાલિકા દ્વારા જરૂરિયાત મુજબ કળીચૂનો સપ્લાય કરવાના કામ માટે ભાવો મંગાવવામાં આવે છે , જેમાં કોન્ટ્રાકટરે વખતો વખતના તમામ GST ,SGST,CGST, સેલ ટેક્સ ,ઈન્કમ ટેક્સ,વિગેરે તેમજ અન્ય લાગુ પડતા તમામ ટેક્ષ ચાર્જીસ સાથેના ભાવો ભરવાના રહેશે.
3) આ કામ કોન્ટ્રાકટર પાસે વર્ક ઓર્ડર થયેથી એક વર્ષ સુધી કરાવવામાં આવશે.
4) ટેન્ડર ફી જે નામે ભરેલ હોય તે નામે જ ટેન્ડર ભરવાનું રહેશે.
5) આ ટેન્ડરમાં જ્યાં જ્યાં નિર્દિષ્ટ કરવામાં આવે છે ત્યાં ત્યાં તમામ જરૂરી વિગતો અવશ્ય ભરવાની રહેશે. અધુરી વિગતવાળું ટેન્ડર રદ કરવાને પાત્ર ગણાશે. ટેન્ડરનાં દરેક પાના ઉપર કોન્ટ્રાક્ટરે સહી અચુકપણે કરવાની રહેશે. શરતી ટેન્ડર માન્ય રાખવામાં આવશે નહીં.
6) ટેન્ડરની ઓપનીંગ તારીખે વેલીડ હોય તેવી રુપિયા એક લાખની બેન્ક સોલ્વન્સી(State Bank of India સિવાય) સાથે જોડવાની રહેશે. અન્યથા જે-તે એજન્સીને ડિસ્કવોલીફાઇડ કરી પ્રાઇઝબીડ ટેન્ડર ઓપન કરવામાં નહીં આવે.
7) રજુ કરેલ ડોક્યુમેન્ટ્સ , નાણાંકીય સધ્ધરતા , ટેક્નીકલ ક્ષમતા અને અનુભવને ધ્યાનમાં લઇ જે -તે એજન્સીને ક્વોલિફાઇડ / ડિસ્કવોલિફાઇડ નક્કી કરવાનો અબાધિત અધિકાર કમિશ્નરશ્રી , ભાવનગર મહાનગરપાલિકાને રહેશે. તેમાં કોઇ તકરાર/વાંધો કોઇપણ સંજોગોમાં માન્ય રાખવામાં આવશે નહીં.
8) કોઈપણ અથવા તમામ ટેન્ડર રદ કરવાનો તથા કોઈપણ ટેન્ડર મંજુર કરવું કે ન કરવું તેનો તથા ઓછા ભાવવાળું ટેન્ડર મંજુર કરવું કે ન કરવું તેનો અધિકાર કમિશ્નરશ્રી, ભાવનગર મહાનગરપાલિકા (ભા.મ.ન.પા.)ને અબાધિત રહેશે. આવું ટેન્ડર અથવા ટેન્ડરનાં ભાગરૂપે ટેન્ડર મંજુર કરવાની સત્તા કમિશ્નરશ્રી ભાવનગર મહાનગરપાલિકાની રહેશે.
9) શરતોનું અર્થઘટન કરવાની , શરતો વધારવાની કે ઘટાડવાની , ફેરફાર કરવાની માંગેલ આધારોનું મુલ્યાંકન કરવાનાં અબાધિત અધિકાર કમિશ્નરશ્રી, ભાવનગર મહાનગરપાલિકાને રહેશે.
10) ટેન્ડરમાં ભરવામાં આવેલ ભાવોનો વેલીડીટી પીરીયડ પ્રાઇઝબીડ ટેન્ડર ખોલ્યાની તારીખથી ૧૮૦ દિવસનો ગણવાનો રહેશે. ટેન્ડર મળ્યા બાદ કોન્ટ્રાકટરો તરફથી કોઈપણ પ્રકારની અરજીઓ કે રજૂઆતો વગેરે ધ્યાનમાં લેવામાં આવશે નહીં.
11) કોન્ટ્રાકટર/ ટેન્ડર ભરનાર / એજન્સી સાથે વાટાઘાટો / નેગોસીએશન કરવામાં આવે તો વાટાઘાટો/ નેગોસીએશનની તારીખથી વધુ (પ્રાઇઝ વેલીડીટી પીરીયડ) ૧૨૦ દિવસ માટે નેગોસીએટેડ ભાવો માન્યગણાશે.
12) ભાવોનો વેલીડીટી પીરીયડ -Bid Validity /પ્રાઇઝ વેલીડીટી પીરીયડ દરમ્યાન આ કામ માટે LOA / Work Order આપવામાં આવે તો એજન્સી / બીડરે મંજુર ભાવે ટેન્ડરના / સ્ટાન્ડર્ડ સ્પેસિફિકેશન મુજબ આ કામ કરી આપવાનું રહેશે. જો એજન્સી / બીડર એગ્રીમેન્ટ પ્રક્રીયા અથવા કામ નહીં કરે તો એજન્સી / બીડરનીEMD ફોરફીટ કરી લેવામાં આવશે.
13) ટેન્ડર મંજુર થયેથી સફળ ઈજારાદારોએ સફળ ઈજારેદારેLOA (Letter of Acceptance)ની તારીખથી દિવસ ૦૭ (સાત)માં નિયમાનુસાર રકમના સ્ટેમ્પ પેપર ઉપર સ્વખર્ચે એગ્રીમેન્ટ (કરારનામું) કરી આપવાનું રહેશે
14) સફળ ઈજારદારે LOA (Letter of Acceptance)ની તારીખથી દિવસ ૦૭ (સાત)માં મંજૂર રહેલ ૫% લેખેની રકમ સિક્યુરીટી ડિપોઝીટ ( SD) તરીકે "કમિશ્નરશ્રી , ભાવનગર મહાનગરપાલિકા"ના નામે રોકડમાં કે રાષ્ટ્રીયકૃત

બેંક(S.B.I. બેંક સિવાય )ના ડી.ડી.થી કે ૧૮ માસની વેલીડીટી ધરાવતી FDR/Bank Guarantee સ્વરૂપે એગ્રીમેન્ટ કરતાં સમયે રજુ કરવાની રહેશે.

15) સિક્યુરીટી ડિપોઝીટ(State Bank of India સિવાય)ની ગણતરી એક વર્ષની કુલ એસ્ટીમેટેડ ક્વોન્ટીટી અને મંજુર રહેલ ભાવો મુજબની કુલ રકમના ૫% મુજબ રહેશે.

16) LOA (Letter of Acceptance)ની તારીખથી દિવસ ૦૭ (સાત)માં સિક્યુરીટી ડિપોઝીટ ભરવામાં નહીં આવે તો કોન્ટ્રાક્ટરે ભરેલ ઇ.એમ.ડી. ફોરફીટ કરવામાં આવશે અને તે અંગે ઈજારાદારની કોઈપણ દલીલ કે તકરાર ચાલી શકશે નહીં.

17) જે કોન્ટ્રાકટરનું ટેન્ડર પાસ થયેલ હોઈ તેમજ પાસ થયેલ ન હોઈ તેવા કોન્ટ્રાક્ટરે તેમણે ભરેલ અર્નેસ્ટ મની ડિપોઝીટની રકમ અલગ અરજી કરી માંગવાની રહેશે. કોઈપણ ડિપોઝીટનું વ્યાજ ચુકવવામાં આવશે નહીં.

18) કોન્ટ્રાક્ટરની જમા કરેલ/થયેલ તમામ સિક્યુરીટી ડિપોઝીટ(SD) આ કોન્ટ્રાક્ટના ફાયનલ/આખરી બીલ બાદ ૧૨ માસ પછી કોન્ટ્રાક્ટરની અરજી રજુ થયેથી જરૂરી પ્રોસેસ પુર્ણ થયા બાદ મહાનગરપાલિકાનું કોઈપણ લ્હેણું બાકી નિકળતુ હોય તો તેમાંથી વસુલ લઇ પરત આપવામાં આવશે.

19) કોન્ટ્રાક્ટરને કામગીરી કરવાનો રાઈટ આવ્યો હોવા છતાં કોન્ટ્રાક્ટર સક્ષમ નહીં જણાય તો કમિશ્નરશ્રી , ભાવનગર મહાનગરપાલિકા અન્ય કોન્ટ્રાક્ટરને કામગીરી વહેંચવા માટે અધિકૃત રહેશે અને તે કોન્ટ્રાક્ટરને માન્ય રહેશે.

20) આ ટેન્ડર સાથે કોન્ટ્રાક્ટરએ લાગુ પડતા પાનકાર્ડ , GST, EPF, શોપએક્ટ લાયસન્સ, છેલ્લા ત્રણ વર્ષનું Income Tax Return, EPFની પહોંચો વગેરેની સ્વ પ્રમાણિત નકલો, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ દ્વારા પ્રમાણિત થયેલ Turn Over, ટેન્ડરની ઓપનીંગ તારીખે વેલીડ હોય તેવી બેન્ક સોલ્વન્સી, નિયત રકમની ટેન્ડર ફી અને EMD ફરજીયાત જોડવાના રહેશે અન્યથા જે તે કોન્ટ્રાકરનું ટેન્ડર રીજેકટ કરવામાં આવશે.

21) બેંક સોલ્વન્સી/ લાગુ પડતાં લાયસન્સ / રજીસ્ટ્રેશન ટેન્ડર ઓપનીંગ ડેઈટ સુધી વેલીડ હોવા જોઈશે અન્યથા જે-તે એજન્સીને ડિસ્કવોલીફાઈડ કરી પ્રાઈઝબીડ ટેન્ડર ઓપન કરવામાં નહીં આવે.

22) કોન્ટ્રાક્ટરે કંપની/ઓર્ગેનાઈઝેશનનું સ્ટ્રક્ચર રજુ કરવાનું રહેશે.

23) સહી સિક્કા કરેલ તથા ભાવો ભર્યા વગરની ટેન્ડરની હાર્ડ કોપી તથા જરૂરી દસ્તાવેજો ટેન્ડર સાથે અપલોડ કરેલ / એટેચડ / સપોર્ટીંગ ડોક્યુમેન્ટની કોપીઓ પણ ફીઝીકલ ડોક્યુમેન્ટ રૂપે સાથે મોકલવાના રહેશે.અપલોડ કરેલ ડોક્યુમેન્ટ મુજબ ફીઝીકલ ડોક્યુમેન્ટ સબમીટ નહીં કરેલ હોય તો જે તે એજન્સીના ટેન્ડર માન્ય ગણવામાં નહીં આવે.

24) તમામ ટેન્ડર સપોર્ટીંગ ડોક્યુમેન્ટ/દસ્તાવેજો ફક્ત રજીસ્ટર પોસ્ટ/સ્પીડ પોસ્ટથી જ મોકલવાના રહેશે.

25) નિયત સમયમર્યાદા બાદ આવેલ ટેન્ડર રદ ગણવામાં આવશે તથા ઓપન કરવામાં નહિ આવે

26) ટેન્ડર ડોક્યુમેન્ટના કવર પર કામનું નામ, ડોક્યુમેન્ટ પહોંચતા કરવાની આખરી તારીખ, કોન્ટ્રાક્ટરનું નામ – સરનામું – ફોન નંબર ફરજિયાત લખવાના રહેશે અન્યથા કવર સ્વિકારવામાં નહીં આવેકે ટેન્ડર ઓપન કરવામાં નહીં આવે.

27) ટેન્ડર સાથે ટેન્ડર ફી ની રકમ ડીમાન્ડ ડ્રાફ્ટથી ભરવાની રહેશે , રોકરેથી કે ચેકથી સ્વિકારવામાં આવશે નહીં. ડિમાન્ડ ડ્રાફ્ટ(State Bank of India સિવાય) ટેન્ડર પ્રસિધ્ધ થવા બાદની તારીખે જ તૈયાર કરાવેલ હોવો જોઈશે અન્યથા જે તે એજન્સીના પ્રાઈઝબીડ ટેન્ડર ખોલવામાં નહીં આવે.

28) ટેન્ડર સાથે જોડેલ ટેન્ડર ફી ડ્રાફ્ટ તથા ઇ.એમ.ડી. ડ્રાફ્ટ પાછળ કામનું નામ તથા એજન્સીનાં નામ ટેલિફોન નંબર ફરજિયાત લખવાના રહેશે અન્યથાટેન્ડર ફી ડ્રાફ્ટ કે ઇ.એમ.ડી. ડ્રાફ્ટ મીસ પ્લેસ થવા કે પરત મેળવવામાં વિલંબ અંગે મ્યુનિસિપલ કોર્પોરેશનની જવાબદારી રહેશે નહી.

29) ઇ.એમ.ડી રાષ્ટ્રીયકૃત બેન્ક.( S.B.I. બેંક સિવાય) ની ૨૧૦ દિવસની મુદતની ડી.ડી. સ્વરૂપે જ રજુ કરવાની રહેશે.

30) કોઈપણ કારણસર કે કોન્ટ્રાક્ટરની ભૂલને કારણે ટેન્ડર રદ કરાશે કે અસ્વીકાર કરાશે કે ડિસ્કવોલીફાઇ કરાશે તો પણ ટેન્ડર ફી પરત આપવામાં નહી આવે.

31) રજુ કરેલ ડોક્યુમેન્ટ્સ , નાણાંકીય સધ્ધરતા , ટેક્નીકલ ક્ષમતા અને અનુભવને ધ્યાનમાં લઈ જે -તે એજન્સીને ક્વોલિફાઇડ / ડિસ્કવોલિફાઇડ નક્કી કરવાનો અબાધિત અધિકાર કમિશ્નરશ્રી , ભાવનગર મહાનગરપાલિકાને રહેશે. તેમાં કોઇ તકરાર/વાંધો કોઈપણ સંજોગોમાં માન્ય રાખવામાં આવશે નહીં.

32) તમામ નકલો પોતાના દ્વારા પ્રામાણિત કરી સહી -સિક્કા સાથેની (સેલ્ફ એટેસ્ટેડ) કે ગેઝેટેડ ઓફિસરે સહી-સિક્કા સાથ પ્રમાણિત કરેલ નકલો રજુ કરવાની રહેશે. દસ્તાવેજોની મુળ નકલ ટેન્ડર ખોલતી વખતે ચકાસણી ના હેતુસર માંગણી કરવામાં આવે તો રજુ કરવાની રહેશે અન્યથા જે-તે એજન્સીને ડિસ્ક્વોલિફાઇડ કરી તેના ટેન્ડર રદ કરાશે કે અસ્વીકાર કરાશે કે ડિસ્ક્વોલિફાઇ કરાશે.

33) **સરકારી કચેરી / વિભાગ દ્વારા બ્લેકલીસ્ટ તથા નાણાકીય સંસ્થા દ્વારા ડિફોલ્ટર કે પોલીસ તથા કોર્ટ રેકર્ડ પર કેસ નથી તે મતલબનું ટેન્ડરની જાહેરાતની તારીખ બાદનું સાથે સામેલ નમૂના મુજબનું બાહેધરી પત્રક ૩૦૦ રૂપીયાના સ્ટેમ્પ પેપર ઉપર ટાઈપ કરાવી નોટરાઇઝડ કરાવીને હાર્ડકોપીમાં અત્રેના વિભાગે ફરજિયાતપણે રજુ કરવાના રહેશે.**

34) જો કોઈ એજન્સી/બીડર રાજ્ય-રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય સ્તરે કોઈ પણ સરકારી/અર્ધસરકારી પેઢી દ્વારા બ્લેકલિસ્ટેડ/ટેન્ડર પ્રક્રીયામાંથી બાકાત રાખવામાં આવેલ હશે ,તો આવા બિડર/એજન્સીને આ ટેન્ડરમાંથી રદ્ /બાકાત કરવામાં આવશે. આવા બિડર/એજન્સીને ટેન્ડર પ્રક્રીયામાંથી બાકાત કે રદ્ કરવાનો અબાધિત અધિકાર કમિશ્નરશ્રી - ભાવનગર મહાનગરપાલિકાને રહેશે.

35) ટેન્ડરરે ટેન્ડરમાં કોઈ પણ જાતની શરતો રાખવાની /લખવાની નથી, જ્યારે ટેન્ડર ખોલવામાં આવશે અને કોઈ આવી જાતનું શરતી ટેન્ડર નીકળશે, તો તે ટેન્ડર રદ કરી શકાશે, અને આ અંગેની કોઈ પણ જાણ એજન્સીને કરવામાં આવશે નહીં કે તેમાં એજન્સીનો કોઈ પણ જાતનો વાંધો કે તકરાર ચાલશે નહીં

36) ટેન્ડર ભરનાર ટેન્ડરરે જરા પણ ચેકચાક થાય નહી તે રીતે કાળજીથી ભાવ ભરવાના રહેશે. ચેકચાક કરેલ ટેન્ડર રદ કરવામાં આવશે.

37) હાર્ડ કોપી ટેન્ડરના કિસ્સામાં ટેન્ડર આઇટમના ભાવ પ્રાઈસબીડ ટેન્ડરના ભાવના ખાતામાં જ ભરવાના રહેશે. ટેન્ડર ભરનારે ચેકચાક થાય નહી તે રીતે કાળજીથી ભાવ ભરવાના રહેશે. ચેકચાક કરેલ ટેન્ડર રદ કરવામાં આવશે.

38) આ ટેન્ડર માટે ભરવાના થતાં ભાવો હયાત કે આગામી તમામ ટેક્ષ તથા ચાર્જીસ, ટ્રાન્સપોર્ટેશન, લોડિંગ-અનલોડિંગ સાથેના – ભાવનગર પહોચતાના ભરવાના રહેશે.

39) જે ભાવથી ટેન્ડર પાસ થયું તે જ ભાવથી એક વર્ષ સુધી કામ / સપ્લાઇ કરવાનુ રહેશે. મંજુર રહેલા ભાવમાં એક વર્ષ સુધી કોઈપણ કારણસર કોઈ પણ ભાવ વધારો આપવામાં આવશે નહીં.

40) જાહેરાતમાં આપેલ સમય મર્યાદા બાદ આવેલ ટેન્ડર ધ્યાનમાં લેવામાં આવશે નહીઅને તેની જાણ સંબધિત તે ટેન્ડરરને કરવામાં આવશે નહીં અને જાહેરાતમાં દર્શાવેલ સરનામાં મુજબ જ ટેન્ડર કવર મોકલવાના રહેશે. જો આમ કરવામાં નહી આવે તો તે ટેન્ડર ધ્યાને કે ગણતરીમાં લેવામાં આવશે નહી અને તેની જાણ સબંધિત ટેન્ડરરને કરવામાં આવશે નહીં. અને તેમાં ટેન્ડરરનો કોઈ દાવો ચાલશે નહીં.

41) કોઇપણ પ્રકારે એડ્વાન્સ કે રોકડ પેમેન્ટ કરવામાં આવશે નહીં. તેમજ પેમેન્ટ અંગેની સમય મર્યાદાવાળી શરત સ્વીકારવામાં આવશે નહીં.

42) આ કામના કોન્ટ્રાકટમાં રાજ્ય સરકાર કે કેન્દ્ર સરકારના કોઈ પણ ટેક્ષ તેમજ અન્ય કોઈ ટેક્ષ જેવા કે GST, સર્વિસ ચાર્જ, વ્યવસાય વેરો,વહીવટી ચાર્જ વગેરે હયાત કે આગામી તમામ ટેક્ષ તથા ચાર્જીસ ભરવાનાં થાય તે તમામ ટેક્ષ તથા ચાર્જીસ ભરવાની જવાબદારી કોન્ટ્રાકટરની રહેશે.જેનું અલગથી ચૂકવણું કરવામાં આવશે નહિ.

43) સમય મર્યાદામાં આઈટમ સપ્લાય કરવામાં નિષ્ફળ જનાર કોન્ટ્રાકટરની માન્યતા રદ કરવામાં આવશે અને તેની ડીપોઝીટ ફોરફીટ કરી બ્લેકલીસ્ટ કરવામાં આવશે.

44) કોઇપણ અથવા તમામ ટેન્ડર રદ કરવાનો તથા કોઇપણ ટેન્ડર મંજુર કરવું કે ન કરવું તેનો તથા ઓછા ભાવવાળું ટેન્ડર મંજુર કરવું કે ન કરવું તેનો અધિકાર કમિશ્નરશ્રી , ભાવનગર મહાનગરપાલિકાને અબાધિત રહેશે. આવું ટેન્ડર અથવા ટેન્ડરનાં ભાગરૂપે ટેન્ડર મંજુર કરવાની સત્તા કમિશ્નરશ્રી, ભાવનગર મહાનગરપાલિકાની રહેશે.

45) શરતોનું અર્થઘટન કરવાની , શરતો વધારવાની કે ઘટાડવાની , ફેરફાર કરવાની માંગેલ આધારોનું મુલ્યાંકન કરવાનાં અબાધિત અધિકાર કમિશ્નરશ્રી, ભાવનગર મહાનગરપાલિકાને રહેશે.

46) આ ટેન્ડર હેઠળ જે એજન્સીએ લોએસ્ટ ભાવ ભરેલ હશે, તે એજન્સીને ઓર્ડર આપવામાં આવશે. જેમાં અન્ય એજન્સી દ્વારા વાંધો– તકરાર ચાલશે નહિ

47) ન્યાયક્ષેત્ર ભાવનગર રહેશે.

## *સપ્લાય માટેની શરતો અને સૂચનાઓ*

1) ટેન્ડર પૈકીની આઈટમ સો.વે.મે.વિભાગનાં અધિકારીને જરૂર જણાશે તો કોઈ પણ લેબોરેટરીમાં તપાસ માટે મોકલી શકાશે અને તેનો લેબોરેટરીનો ખર્ચ ટેન્ડરરે ભોગવવાનો રહેશે. અને જો માલ સબ – સ્ટાન્ડર્ડ હશે તો તે માલ ટેન્ડરરે તેના ખર્ચ અને જોખમે વિના વિલંબે તરત જ બદલી આપવાનો રહેશે. જો આમ કરવામાં ટેન્ડરર કસુર કરશે તો તે માલની રકમ આપવામાં આશે નહીં. તેમજ ટેન્ડરરને ભરેલ ડીપોઝીટની રકમ ફોર –ફિટ (જપ્ત) કરવામાં આવશે તેમજ ટેન્ડરરને મ્યુનિ.કોર્પોરેશનનાં બ્લેક લીસ્ટમાં મુકીશકાશે. અને તેમાં ટેન્ડરર કોઈ વાંધો કે તકરાર લઈ શકશે નહીં.
2) ટેન્ડરમાં જણાવેલ આઈટમ, જેવા જેવા માર્કાની જેવી જેવી જાતની તથા માપની તથા વજનની લખેલ છે. તે મુજબ માલ સામાન આપવાનો રહેશે.
3) ટેન્ડરમાં જણાવ્યા પ્રમાણે કળીચૂનો જ્યારે જ્યારે જેટલા જથ્થામાં સો.વે.મે.વિભાગ ભાવનગર મહાનગરપાલિકા કહે તે મુજબ જે તે જગ્યાએ ઓર્ડર મળ્યેથી વર્કઓર્ડરમાં દર્શાવેલ સમય મર્યાદામાં પહોચતો કરવાનો રહેશે, સમય મર્યાદામાં માલ ન પહોચે તો પ્રતિ દિવસ લેખેરૂ.૧૦૦૦ મુજબ પેનલ્ટી વસુલવામાં આવશે.
4) ટેન્ડરમાં જણાવ્યા પ્રમાણે કળીચૂનો જ્યારે જ્યારે જેટલા જથ્થામાં સો.વે.મે.વિભાગ ભાવનગર મહાનગરપાલિકા કહે તે મુજબ જે તે જગ્યાએ ઓર્ડર મળ્યેથી વર્કઓર્ડરમાં દર્શાવેલ સમય મર્યાદામાં પહોચતો કરવાનો રહેશે. જો ઓર્ડર મુજબનો માલ ન પહોંચે તો અમો ટેન્ડરરને જાણ કર્યા સિવાય સો.વે.મે.વિભાગ ગમે ત્યાંથી બારોબાર જે તે માલ સામાન ખરીદી શકશે અને તેમાં મહાનગરપાલિકાને કોઈ વધારાનો ખર્ચ થાય તો તે ટેન્ડરર પાસેથી દરેક પ્રકારે વસુલ કરી અને ડિપોઝીટની રકમ ફોરફીટ(જપ્ત) કરી શકશે તેમજ મ્યુનિ. કોર્પોરેશન બ્લેક લીસ્ટમાં મુકી શકશે અને તેમાં કોઈ પણ વાંધો કે તકરાર તમોએ ટેન્ડરરે લેવાના રહેશે નહીં.
5) વર્કઓર્ડરમાં દર્શાવેલ સમય મર્યાદામાં કોઈ પણ આઈટમ સપ્લાય કરવામાં નિષ્ફળ જનાર કોન્ટ્રાક્ટરની માન્યતા રદ કરવામાં આવશે અને તેની ડીપોઝીટ ફોરફીટ કરવામાં આવશે.
6) ભાવનગર મ્યુનિસિપલ કોર્પોરેશન ખરીદ કરેલ માલનું પેમેન્ટ સગવડતા મુજબ કરશે. અગાઉનું બીલ બાકી હશે તો પણ નવા ઓર્ડર મુજબનો માલ દિવસ આઠમાં મોકલી આપવાનો રહેશે. તેમ કરવામાં કસુર કર્યાથી ટેન્ડરની ડિપોઝીટની રકમ કોર્પોરેશન ફોરફીટ (જપ્ત) કરી શકાશે. તેમજ તેવા વેપારીને મ્યુનિ. કોર્પોરેશનનાં બ્લેક લીસ્ટમાં મુકવામાં આવશે.
7) જો સો.વે.મે.વિભાગ જણાવે કે મોકલેલ કળીચૂનો ટેન્ડરમાં જણાવ્યા પ્રમાણે બરોબર નથી તો તે કળીચૂનો તરત જ ટેન્ડરરે પરત લઈને બીજો કળીચૂનો ટેન્ડરરે પોતાના ખર્ચે અને પોતાના જોખમે વિના વિલંબે દિવસ પાંચમાં મોકલવાનો છે. અન્યથા ટેન્ડરની તમામ ડીપોઝીટની રકમ ફોરફિટ (જપ્ત) કરવા અને મ્યુનિ. કોર્પોરેશનનાં બ્લેક લીસ્ટમાં મુકવા માટે મ્યુનિ.કોર્પોરેશન હક્કદાર રહેશે.
8) કળીચૂનો સપ્લાય કરતી વખતે સરકાર માન્ય લેબોરેટરી ગુણવતા અંગેનું પ્રમાણપત્ર કોન્ટ્રાકટરએ સ્વખર્ચેજ કરવાનું રહેશે.
9) માલની મેન્યુફેક્ચરીંગ તારીખ ૨ માસની અંદર તથા એકસપાયરી તારીખ ૩ વર્ષથી વધુ હોય તેવો માલ સપ્લાય કરવાનો રહેશે.
10) ઉત્પાદક - ઉત્પાદન કંપની, ડીલર,માન્ય ડીસ્ટ્રીબ્યુટર,સપ્લાયર કે કોન્ટ્રાકટરએ ભાવનગર શહેરમા સુચના મુજબ જે તે સ્થળોએ કળીચૂનો પહોચતા કરવાના તથા લોડિંગ-અનલોડિંગ કરી આપવાનુ રહેશે.

કોન્ટ્રાક્ટર / સપ્લાયર તરીકે સદરહું કામના ટેન્ડરની / ઉપરોક્ત તમામ શરતો , સુચનાઓ, વિગતો તથા સ્પેસિફિકેશન અમોએ બરાબર વાંચી, વંચાવી, સમજી, વિચારીને ટેન્ડરમાં ભાવો ભરેલ છે. ઉપરોક્ત તમામ શરતો અમોએ શુધ્ધિ બુધ્ધિ પુર્વક વાંચેલ – વંચાવેલ – વિચારેલ – સમજેલ છે જે મને / અમને કોઈપણ ધાક ધમકી કે દબાણ વગર કબુલ મંજુર છે. જો કોઈ સંજોગોમાં હું આ કામ ન કરૂ તો મહાનગરપાલિકામાં આ કામ માટેની ભરપાઈ કરેલ તમામ પ્રકારની તમામ ડીપોઝીટની રકમ ફોરફીટ કરવા મહાનગરપાલિકા હકકદાર રહેશે અને મ્યુ. કોર્પો. અમોને બ્લેક લીસ્ટ કરવા હકકદર રહેશે. આમ અમો કોન્ટ્રાક્ટર / સપ્લાયર તરીકે તમામ શરતો તથા સ્પેસીફિકેશન મુજબ અમોએ ભરેલ કે માન્ય રાખેલ ભાવોથી કામ કરવા બંધાઈએ છીએ અને સહી કરી આપીએ છીએ.

| | | |
|---|---|---|
| એજન્સીનું નામ :- | | |
| કોન્ટ્રાકટરનું નામ :- | | |
| સહી કરનાર - માલિક / ભાગીદાર /ઓથોરાઈઝડ પર્સન પૈકી કઇ હેસિયતથી સહી કરેલ છે. | કોન્ટ્રાકટર / એજન્સીની સહી | કોન્ટ્રાકટર / એજન્સીનો સિક્કો |

## સો.વે.મે.વિભાગ માટે એક વર્ષ માટે
## કળીચુનો ડી.પી (ડસ્ટ પાવડર)સપ્લાય કરવા અંગેનું કામ

***Annual Rates for Supply of Hydrated Lime (Kali Chuna) Powder for Duration of One Year***

# *Price Bid*

**અંદાજીત ક્વોન્ટીટી(વધઘટ થવાને પાત્ર)**

| ક્રમ | આઈટમ/દવાનું નામ | મંગાવવાની થતી અંદાજીત ક્વોન્ટીટી | યુનિટ/ એકમ | ભાવ આંકડામાં રૂ. – પૈ. | ભાવ શબ્દોમાં રૂ. - પૈ. |
|---|---|---|---|---|---|
| 1 | કળીચુનો ડી.પી (ડસ્ટ પાવડર) **Hydrated Lime (Kali Chuna) Powder** | ૪૦૦૦ થેલી | ૨૫ કિલોની એક થેલી | | |

કોન્ટ્રાક્ટર / સપ્લાયર તરીકે સદરહું કામના ટેન્ડરની / ઉપરોક્ત તમામ શરતો ,સુચનાઓ,વિગતો તથા સ્પેસિફિકેશન અમોએ બરાબર વાંચી,વંચાવી,સમજી,વિચારીને ટેન્ડરમાં ભાવો ભરેલ છે. ઉપરોક્ત તમામ શરતો અમોએ શુધ્ધિ બુધ્ધિ પુર્વક વાંચેલ – વંચાવેલ – વિચારેલ – સમજેલ છે જે મને / અમને કોઈપણ ધાક ધમકી કે દબાણ વગર કબુલ મંજુર છે. જો કોઇ સંજોગોમાં હું આ કામ ન કરૂ તો મહાનગરપાલિકામાં આ કામ માટેની ભરપાઇ કરેલ તમામ પ્રકારની તમામ ડીપોઝીટની રકમ ફોરફીટ કરવા મહાનગરપાલિકા હક્કદાર રહેશે અને મ્યુ. કોર્પો. અમોને બ્લેક લીસ્ટ કરવા હક્કદર રહેશે. આમ અમો કોન્ટ્રાક્ટર/ સપ્લાયર તરીકે તમામ શરતો તથા સ્પેસીફિકેશન મુજબ અમોએ ભરેલ કે માન્ય રાખેલ ભાવોથી કામ કરવા બંધાઈએ છીએ અને સહી કરી આપીએ છીએ.

| | | |
|---|---|---|
| એજન્સીનું નામ :- | | |
| કોન્ટ્રાકટરનું નામ :- | | |
| સહી કરનાર - માલિક / ભાગીદાર /ઓથોરાઈઝડ પર્સન પૈકી કઇ હેસિયતથી સહી કરેલ છે. | કોન્ટ્રાકટર / એજન્સીની સહી | કોન્ટ્રાકટર / એજન્સીનો સિક્કો |

***<u>ટેન્ડર કમિટિ</u>***

***ભાવો ટેન્ડર કમિટિ સમક્ષ ખોલ્યા.. તારીખ.................... સમય...........***

| ટેન્ડર ક્લાર્ક | કાર્યપાલક ઇજનેર | ચિફ એકા. ઓફિસર | ચિફ ઓડિટર | નાયબ કમિશ્નર(એડ્મીન) |
|---|---|---|---|---|
| સો.વે.મે.વિભાગ | સો.વે.મે.વિભાગ | એકાઉન્ટ વિભાગ | ઓડિટ વિભાગ | કમિશ્નર કચેરી |

*આ પ્રાઈઝબીડ પત્રકમાં ભાવો ભરી આ પત્રકને અલગ કવરમાં સીલ કરી કવર પર"પ્રાઈઝબીડ" લખી મુખ્ય કવર સાથે મોકલવું.*

## સો.વે.મે.વિભાગ માટે બે વર્ષ માટે
## કળીચુનો ડી.પી (ડસ્ટ પાવડર)સપ્લાય કરવા અંગેનું કામ
## *Annual Rates for Supply of Hydrated Lime (Kali Chuna) Powder for Duration of Two Year*

❖ આ સાથે ટેન્ડર ફી મહાનગર પાલિકા / બેંક માં ભર્યા પહોંચ નં........................ . .,તારીખ.................. બેંક .............................................................. . . . . . . . . . બ્રાન્ચ.............................. રૂા............................ . અંકે ..................................................ભર્યાની પહોંચ

અથવા

ટેન્ડરફી ડી.ડી. નં..................................તારીખ.........................રૂા...........................
અંકેરૂપીયા............................................નોબેંક.............................................................
બ્રાન્ચ.............................. સાથે સામેલ રાખેલ છે.

❖ <u>ઈ.એમ.ડી.</u>

❖ આ સાથે અર્નેસ્ટ મની / ડીપોઝીટ મહાનગર પાલિકા / બેંક માં ભર્યા ની પહોંચ નં......... . . . . તારીખ......................,બેંક.......................... . . .. . .. . . . . . . . . .બ્રાન્ચ રૂા............................ . અંકે ........................................ . . . . . . . . . . ભર્યા ની અસલ પહોંચ સાથે સામેલ રાખેલ છે.

અથવા

એફ.ડી.આર./ ડી.ડી. નં..................................તારીખ.........................રૂા...........................
અંકે રૂપીયા............................................નો બેંક.............................................................
બ્રાન્ચ................................. શ્રી કમિશ્નર મહાનગર પાલિકા સાથે જોઈન્ટ એકાઉન્ટની સાથે સામેલ છે. જેમાં પાછળ ની સાઈડે રેવન્યુ સ્ટેમ્પ ઉપર સહી કરી અસલ માં રજુ કરેલ છે.

| | | |
|---|---|---|
| એજન્સીનું નામ :- | | |
| કોન્ટ્રાકટરનું નામ :- | | |
| સહી કરનાર - માલિક / ભાગીદાર /ઓથોરાઈઝડ પર્સન પૈકી કઈ હેસિયતથી સહી કરેલ છે. | કોન્ટ્રાકટર / એજન્સીની સહી | કોન્ટ્રાકટર / એજન્સીનો સિક્કો |